### પાલિકાની હંગામી કામગીરીથી કંટાળેલા લોકોએ આપી ઉગ્ર આંદોલનની ચીમકી

# મેયરના વોર્ડ-13માં જ ગંદા પાણીની સમસ્યા

## મહિનાથી નળમાં જીવડાવાળું ગંદું પાણી આવતા નાગરિકોમાં ભારે રોષ !



(પ્રતિનિધિ) વડોદરા,તા.29
વડોદરા મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૧૩ માં સમાવિષ્ટ વિસ્તારોમાં છેલ્લા એક મહિનાથી પીવાના પાણીની ગંભીર સમસ્યા ઊભી થઈ છે, જેના કારણે સ્થાનિક નાગરિકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. શહેરના ઐતિહાસિક ન્યાય મંદિર વિસ્તાર નજીક આવેલા દૂધવાલા મોહલ્લા અને ઝકરિયા મસ્જિદની ગલીઓમાં કોર્પોરેશન દ્વારા વિતરણ કરવામાં આવતું પીવાનું પાણી તદ્દન દૂષિત અને પીવા અયોગ્ય આવી રહ્યું હોવાની બૂમો ઊઠી છે. સ્થાનિક રહીશોના આક્ષેપ અનુસાર, પીવાના પાણીની મુખ્ય લાઈનમાં ડ્રેનેજનું ગંદું પાણી મિક્સ થઈ રહ્યું છે, જેને કારણે નળમાંથી પીળાશ પડતું, દુર્ગંધયુક્ત અને જીવડાવાળું પાણી આવી રહ્યું છે.

વહેલી સવારે જ્યારે પાણીનો પુરવઠો શરૂ થાય છે ત્યારે શરૂઆતમાં જ જીવાતવાળું અને દોહળું પાણી આવતું હોવાથી નાગરિકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. આ દૂષિત પાણીના વપરાશના કારણે વિસ્તારના બાળકો અને વૃદ્ધોના સ્વાસ્થ્ય સામે મોટું જોખમ ઊભું થયું છે. સ્થાનિકોમાં ભય છે કે જો આ પરિસ્થિતિ લાંબો સમય ચાલશે તો વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળશે. તંત્રની ઉદાસીનતાથી કંટાળેલા નાગરિકોએ મીડિયા સમક્ષ પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, આ અંગે વડોદરા મહાનગરપાલિકામાં અનેક વખત લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી ચૂકી છે. જો કે, રજૂઆત બાદ પાલિકાના કર્મચારીઓ આવીને ડ્રેનેજ લાઈન સાફ કરી જાય છે, પરંતુ તેના માત્ર ૧૫ જ દિવસમાં ફરીથી એ જ સમસ્યા બેવડાય છે. તંત્ર દ્વારા આ ગંભીર પ્રશ્નનું કોઈ કાયમી નિરાકરણ લાવવામાં ન આવતા નાગરિકોનું આરોગ્ય જોખમાયું છે. સ્થાનિક રહીશોએ તંત્ર અને સત્તાધીશો સામે સવાલો ઉઠાવતા જ ણાવ્યું હતું કે, આ વિસ્તાર વડોદરા શહેરના મેયર ગીતાબેન મકવાણાનો પોતાનો હોવા છતાં અહીં આવી દયનીય સ્થિતિ પ્રવર્તી રહી છે. જો મેયરના પોતાના જ વોર્ડના નાગરિકોને શુદ્ધ પીવાનું પાણી ન મળતું હોય, તો શહેરના અન્ય વિસ્તારોની સ્થિતિ કેવી હશે તેની કલ્પના કરવી જ મુશ્કેલ છે.

વિસ્તારના લોકોએ મેયર ગીતાબેન મકવાણાને નમ્ર અપીલ કરી છે કે તેઓ આ બાબતને ગંભીરતાથી લઈ તાત્કાલિક હસ્તક્ષેપ કરે અને ડ્રેનેજ મિક્સિંગની આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવી નાગરિકોને સ્વચ્છ અને શુદ્ધ પીવાનું પાણી પૂરું પાડે. તેની સાથે જ રહીશોએ ચીમકી ઉચ્ચારી છે કે જો આગામી દિવસોમાં આ સમસ્યાનું વહેલી તકે કાયમી નિરાકરણ નહીં લાવવામાં આવે તો સ્થાનિકો દ્વારા કોર્પોરેશન સામે ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

### સાગબારા તાલુકામાં દીપડાનો હુમલો

# યુવતીને 32 ટાંકા, વન વિભાગ સામે ગ્રામજનોનો રોષ વ્યાપ્યો

**વનવિભાગ** દ્વારા ઝડપી કાર્યવાહી કરી દિપડાને પાંજરે પુરવા લોકમાંગ ઉઠી



(પ્રતિનિધિ) વડોદરા, તા.29
સેલંબા-પાંચપીપરી-પાટ માર્ગ પર રવિવારે મોડી રાત્રે દીપડાના હુમલામાં એક યુવતી ઈજાગ્રસ્ત થઈ હોવાના સમાચાર સામે આવ્યા છે. આ ઘટનામાં યુવતીને 32 ટાંકા આવતાં સ્થાનિકોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.પ્રાપ્ત માહિતી મુજબ, તા-28 જૂને રાત્રે આશરે 9:45 વાગ્યે પાટથી પાંચપીપરી જતાં માર્ગ પર મહુડાનાં ઝાડ નજીક દીપડો સંતાઈને બેઠો હતો. આ દરમિયાન દિવ્યાબેન પ્રકાશભાઈ જૈન પોતાના પિતા સાથે મોટરસાયકલ પર જઈ રહ્યાં હતાં. અચાનક દીપડાએ દિવ્યાબેનના પગને મોઢામાં લઈ લેતાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયાં. જોકે, કોઈક રીતે દીપડાના મોઢામાંથી પગ છૂટતાં તેઓ સહીસલામત ભાગી છૂટવામાં સફળ રહ્યાં. સ્થાનિક ગ્રામજનોએ જણાવ્યું કે, આ વિસ્તારમાં અગાઉ પણ દીપડાના હુમલાની અનેક ઘટનાઓ બની ચૂકી છે, છતાં વન વિભાગ દ્વારા કોઈ કાયમી ઉકેલ ન આવતાં લોકોમાં ભયનો માહોલ સર્જાયો છે. ગ્રામજનોએ વન વિભાગને તાત્કાલિક દીપડાને પકડી લેવા પ્રબળ માંગ કરી છે. ઉલ્લેખનીય છે કે, સાગબારા તાલુકામાં અગાઉ પણ દીપડાના હુમલાના બનાવો બન્યા છતાં તંત્ર દ્વારા હજુ સુધી કોઈ અસરકારક કાર્યયોજના અમલમાં મૂકવામાં આવી નથી, જે ચિંતાનો વિષય છે.

# લંડન પાર્લામેન્ટ ખાતે ગો. દ્વારકેશલાલજી મહારાજને વર્લ્ડ બુક ઑફ રેકોર્ડ્સનો આંતરરાષ્ટ્રીય સન્માન



(પ્રતિનિધિ) વડોદરા, તા.29
યુ.કે.ના લંડન પાર્લામેન્ટ ખાતે યોજાયેલા વર્લ્ડ બુક ઑફ રેકોર્ડ્સ (WBR)ના 10મા સમિટ એન્ડ એવોર્ડ્સ ફંક્શનમાં પુષ્ટિમાર્ગીય પરંપરાના અગ્રણી આચાર્ય પૂ. ગો. ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીને આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને માનવતાવાદી ક્ષેત્રે તેમના વૈશ્વિક યોગદાન બદલ પ્રતિષ્ઠિત સર્ટિફિકેટ ઑફ એક્સેલન્સ એનાયત કરવામાં આવ્યું છે. સમાજના વિવિધ ક્ષેત્રોમાં વિશ્વભરમાં નોંધપાત્ર કાર્ય કરનાર સંસ્થાઓ અને વ્યક્તિઓને સન્માનિત કરવા માટે યોજાયેલા આ સમારોહમાં પૂ. ગો. શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીને પુષ્ટિમાર્ગીય હવેલીઓ અને વૈષ્ણવ સંઘોની સ્થાપના દ્વારા આધ્યાત્મિક જાગૃતિ ફેલાવવા, માનવતાવાદી મૂલ્યોને પ્રોત્સાહન આપવા તેમજ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાના સંરક્ષણમાં આપેલા વિશિષ્ટ યોગદાન બદલ આ સન્માન અપાયું. આ સન્માન 25 જૂન, 2026ના રોજ લંડનમાં યોજાયેલા કાર્યક્રમમાં અર્પણ કરવામાં આવ્યું હતું. સમારોહમાં વિશ્વભરમાં સેવાકાર્યથી આગવી ઓળખ ધરાવતા અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં મેમ્બર ઑફ પાર્લામેન્ટ ગ્રેહ વેડન, લોર્ડ રામી રેન્જર, મેયર રાજ મિશ્રા તેમજ વર્લ્ડ બુક ઑફ રેકોર્ડ્સના સીઈઓ સંતોષ શુક્લા સહિતના મહાનુભાવો હાજર રહ્યા હતા.

## જંબુસર મહામંત્રીનું રાજીનામું, મોરબીની ઉપવાસ છાવણીએ ફૂંકાયો રાજકીય સોપો



(પ્રતિનિધિ) ભરૂચ, તા.29
જંબુસર તાલુકા ભાજપના મહામંત્રી કિરીટભાઈ કશીભાઈ પટેલ (ઉર્ફે મુન્નાભાઈ જાફરપુરા) એ ખેડૂતોના મુદ્દે મોટો રાજકીય દાવો ખેલ્યો છે. મોરબી જિલ્લાના જેતપુર ખાતે ખેડૂતોની ઉપવાસ છાવણી દરમિયાન તેમણે પોતાના હોદ્દા પરથી રાજીનામું આપવાની જાહેરાત કરી દેતા જિલ્લા સંગઠન સહિત સ્થાનિક નેતાઓમાં ચકચાર મચી ગઈ છે. કિરીટ પટેલે જણાવ્યું કે ગુજરાતમાં પાવર ગ્રીડ કંપનીના મુદ્દે ખેડૂતો સાથે કથિત રીતે અન્યાય થઈ રહ્યો છે. તેમણે એમ પણ કહ્યું કે આ મુદ્દે ભાજપને રાજકીય રીતે મહત્વનો ઝટકો લાગ્યો છે. તેમના મતે, ખેડૂતોના હિતમાં સરકાર, સ્થાનિક ધારાસભ્ય અને અધિકારીઓ સમક્ષ વારંવાર રજૂઆતો કરવા છતાં ઉકેલ ન આવ્યો, જેના કારણે તેમણે પક્ષના હોદ્દાનો ત્યાગ કરવાનો નિર્ણય લીધો.

### મથુરાના પંડિત સોમદત્ત શાસ્ત્રીજી કરાવશે કથાનું રસપાન

# વડોદરામાં 1થી 7 જુલાઈ દરમિયાન શ્રીમદ્ ભાગવત કથા સપ્તાહનું ભવ્ય આયોજન

6-7 જુલાઈએ જગદગુરુ શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીજીની પાવન ઉપસ્થિતિ

(પ્રતિનિધિ) વડોદરા, તા.29
ગોપાલજી ભગવાનની અસીમ કૃપાથી વડોદરા શહેરમાં તા. 1 જુલાઈથી 7 જુલાઈ, 2026 દરમિયાન શ્રીમદ્ ભાગવત કથા સપ્તાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક કાર્યક્રમ શ્રી જલારામ રઘુવંશી લોહાણા કોમ્યુનિટી સેન્ટર, ડોમિનોઝ પિઝા લેન, એલોરપાર્ક, વડોદરા ખાતે યોજાશે. દરરોજ બપોરે 3:00થી સાંજે 7:00 વાગ્યા સુધી યોજાનારી કથામાં મથુરાથી પધારેલા પંડિત શ્રી સોમદત્ત શાસ્ત્રીજી પોતાની મધુર વાણીમાં શ્રીમદ્ ભાગવતનું ભાવસભર રસપાન કરાવશે. કથા સપ્તાહ દરમિયાન તા. 6 અને 7 જુલાઈએ અનંત શ્રી વિભૂષિત પશ્ચિમામ્નાય દ્વારકા શારદા પીઠાધીશ્વર જગદગુરુ શંકરાચાર્ય સ્વામી શ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજ પોતાની પાવન ઉપસ્થિતિથી કાર્યક્રમને વિશેષ આધ્યાત્મિક ગૌરવ પ્રદાન કરશે. તેમની ઉપસ્થિતિ ભાવિકો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે. આ કથાનું આયોજન ડૉ. જયકિશોર ચતુર્વેદી અને પરિવાર તેમજ સ્વ. શ્રી ચૈતન્ય કિશોર ચતુર્વેદીના સમસ્ત પરિવાર દ્વારા કરવામાં આવ્યું છે. આયોજકોએ તમામ ભાવિક ભક્તજનોને સહપરિવાર પધારી શ્રીમદ્ ભાગવત કથાનું શ્રવણ કરી ભગવાનના આશીર્વાદ પ્રાપ્ત કરવા અને આધ્યાત્મિક લાભ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

### અંકલેશ્વર રૂરલ પોલીસ અને ભરૂચ એલસીબીએ સંયુક્ત કામગીરી

# અંકલેશ્વર રૂરલ પોલીસે હત્યાનો ગંભીર ગુનો ગણતરીના દિવસોમાં ઉકેલી આરોપીની ધરપકડ કરી

પોલીસે અંકલેશ્વર વિસ્તારમાં ૪૫૦થી વધુ સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસ્યા હતા



(પ્રતિનિધિ) અંકલેશ્વર, તા.29
અંકલેશ્વર રૂરલ પોલીસ અને ભરૂચ એલસીબીએ સંયુક્ત કામગીરી હાથ ધરી હત્યાના ગંભીર ગુનાનો ટૂંકા સમયમાં સફળ ભેદ ઉકેલી મુખ્ય આરોપીની ધરપકડ કરી છે. મૃતકની હત્યા મોટરસાયકલ લૂંટવાના ઈરાદે કરવામાં આવી હોવાનુ પોલીસ તપાસમાં સામે આવ્યુ છે. પોલીસના જણાવ્યા મુજબ, તા. ૨૦જૂનના રોજ દઢાલ-સાગબારા બ્રિજ નીચે નદીમાંથી અજાણ્યા પુરુષનો ડી-કમ્પોઝ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. શરૂઆતમાં અકસ્માત મોતનો ગુનો નોંધાયો હતો. ફોરેન્સિક પોસ્ટમોર્ટમ અને મૃતકના હાથ પરના છૂંદણાના આધારે તેની ઓળખ ભોલાવ જીઆઈડીસી વિસ્તારમાં રહેતા પરેશભાઈ મણીલાલ વસાવા (ઉ.વ. ૪૦) તરીકે થઈ હતી.

પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ગંભીર ઈજાઓના કારણે મોત થયાનું બહાર આવતા અંકલેશ્વર રૂરલ પોલીસ મથકે ભારતીય ન્યાય સંહિતાની કલમ હેઠળ હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન પોલીસે ભરૂચ અને અંકલેશ્વર વિસ્તારમાં ૪૫૦થી વધુ સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસ્યા હતા. ઉપરાંત હોટલો, પેટ્રોલપંપ, લારી-ગલ્લા, દુકાનો તેમજ ઔદ્યોગિક એકમોમાં મૃતક અને શંકાસ્પદ વ્યક્તિના ફોટા બતાવી માહિતી એકત્રિત કરવામાં આવી હતી. ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે પોલીસ આરોપી સુધી પહોંચી હતી. પકડાયેલા આરોપીની ઓળખ નિર્મલ રાજુ નિશાદ (ઉ.વ. 20), રહે. દુધધારા ડેરી નજીક, ભોલાવ જીઆઈડીસી, મૂળ વતન ફતેહપુર (ઉત્તર પ્રદેશ) તરીકે થઈ છે. પ્રાથમિક પૂછપરછમાં આરોપીએ મોટરસાયકલ પડાવી લેવા માટે પરેશભાઈની હત્યા કરી હોવાની કબૂલાત આપી હોવાનુ પોલીસે જણાવ્યુ છે.

### વડોદરાના ગોત્રી ઇસ્કોન મંદિરે ભગવાન જગન્નાથના મહોત્સવની તૈયારીઓ

# કરતાલ-મૃદંગના નાદ સાથે શાહી સ્નાનયાત્રા મહોત્સવ ઉત્સાહભેર સંપન્ન

ભાદરવા નદીના પવિત્ર જળથી સ્નાન બાદ ભગવાન જગન્નાથજીને ભરાયો તાવ, ૧૫ દિવસ માટે 'અણસર ઓરડામાં' ક્વોરેન્ટાઇન!



(પ્રતિનિધિ) વડોદરા, તા.29
શહેરના ગોત્રી વિસ્તારમાં આવેલા પ્રસિદ્ધ ઈસ્કોન મંદિર ખાતે અષાઢી દૂજે યોજાનારી આગામી રથયાત્રા પૂર્વે ભગવાન જગન્નાથજીની ભવ્ય અને પરંપરાગત સ્નાનયાત્રા મહોત્સવ અત્યંત ઉત્સાહભેર અને ભક્તિમય માહોલમાં યોજાયો હતો. આ પવિત્ર અને અલૌકિક પ્રસંગે મહાપ્રભુ જગન્નાથ, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાજીના દિવ્ય દર્શન કરવા માટે વહેલી સવારથી જ મોટી સંખ્યામાં ભક્તોનું ઘોડાપૂર ઉમટી પડ્યું હતું. સમગ્ર મંદિર પરિસર 'જય જગન્નાથ' અને 'હરે ક્રિષ્ના' ના નારાઓ તેમજ કરતાલ-મૃદંગના નાદથી ગુંજી ઉઠ્યું હતું અને વાતાવરણ એકદમ ભક્તિરસમાં તરબોળ થઈ ગયું હતું.

શાસ્ત્રોક્ત પરંપરા અને ધાર્મિક માન્યતા મુજબ, આ શાહી સ્નાનયાત્રા દરમિયાન ભાદરવા નદીના પવિત્ર જળ અને વિવિધ સુગંધિત દ્રવ્યો તેમજ ઔષધિઓથી અતિશય સ્નાન કરવાને કારણે ભગવાન જગન્નાથજીને તાવ આવે છે. આથી, સ્નાન વિધિ પૂર્ણ થયા બાદ પ્રભુ હવે આગામી ૧૫ દિવસ માટે 'અણસર ઓરડામાં' એટલે કે એક પ્રકારે ક્વોરેન્ટાઇનમાં (અજ્ઞાતવાસમાં) જશે. આ ૧૫ દિવસના ગાળા દરમિયાન મંદિરના કપાટ સામાન્ય ભક્તો માટે સદંતર બંધ રહેશે. ભક્તો હવે આગામી પખવાડિયા સુધી કાળિયા ઠાકોરના પ્રત્યક્ષ દર્શનનો લાભ મેળવી શકશે નહીં.

# છાણી નાગરિક સહકારી બેંકની પ૨મી વાર્ષિક સામાન્ય સભા યોજાઈ

આગામી સમયમાં પણ પારદર્શક તથા ગ્રાહકલક્ષી સેવાઓ આપવા માટે પ્રતિબદ્ધ રહેશે



(પ્રતિનિધિ) વડોદરા, તા.29
નાણાકીય હિસાબો અને નફાની ફાળવણીને મંજૂરી, સભાસદો-થાપણદારોનો આભાર વ્યક્ત વડોદરાઃ શ્રી છાણી નાગરિક સહકારી બેંક લિ.ની 52મી વાર્ષિક સામાન્ય સભા છાણી સ્થિત લેઉવા પટેલ હોલ ખાતે બેંકના ચેરમેન સતીષભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. સભામાં વર્ષ 2025-26ના નાણાકીય હિસાબો તેમજ પેટા કાયદા મુજબ નફાની ફાળવણી અંગેનો અહેવાલ બેંકના મેનેજર દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. સભાસદોએ રજૂ થયેલા હિસાબો અને વિવિધ દરખાસ્તો પર ચર્ચા કરીને મંજૂરી આપી હતી. આ પ્રસંગે ચેરમેન સતીષભાઈ પટેલે બેંકની સતત પ્રગતિમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર સભાસદો, થાપણદારો, ગ્રાહકો તથા સહયોગીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, સભાસદોના વિશ્વાસ અને સહકારના બળે બેંક વિકાસના નવા સોપાનો સર કરી રહી છે અને આગામી સમયમાં પણ પારદર્શક તથા ગ્રાહકલક્ષી સેવાઓ આપવા માટે પ્રતિબદ્ધ રહેશે.

### સંસ્કારી નગરીમાં અખંડ સૌભાગ્ય પર્વની પરંપરાગત ઉજવણી

# વડોદરામાં જેઠ સુદ પૂનમે સૌભાગ્યવતી સ્ત્રીઓએ શ્રદ્ધાભેર કર્યું 'વટ સાવિત્રી વ્રત'

સોળ શણગાર સજી નવવધૂઓ અને મહિલાઓએ વડલાને સૂતરના તાંતણે બાંધી ૧૦૮ પરિક્રમા કરી પતિના દીર્ઘાયુની કામના કરી



(પ્રતિનિધિ) વડોદરા, તા.29
જેઠ સુદ પૂનમના પવિત્ર દિવસે આજે સંસ્કારી નગરી વડોદરા સહિત સમગ્ર સંસ્કારી પંથકમાં વટ સાવિત્રી વ્રતની પરંપરાગત અને શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. હિન્દુ ધર્મમાં આ વ્રતનું સવિશેષ મહત્વ રહેલું છે, જેમાં સૌભાગ્યવતી સ્ત્રીઓ પોતાના પતિના દીર્ઘાયુ, ઉત્તમ સ્વાસ્થ્ય અને સુખી દામ્પત્ય જીવનની મનોકામના કરે છે. આ પાવન અવસરે વહેલી સવારથી જ વડોદરા શહેરના વિવિધ મંદિરોમાં તેમજ સોસાયટીઓ અને ચાર રસ્તાઓ પર આવેલા પૌરાણિક વડના વૃક્ષો પાસે મહિલાઓની ભારે ભીડ જોવા મળી હતી. વાતાવરણમાં વહેલી સવારથી જ એક અનોખો ભક્તિરસ ઘૂંટાયો હતો. આજના આ પવિત્ર દિવસે સોળ શણગાર સજી, રંગબેરંગી પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઈને આવેલી નવવધૂઓ અને વરિષ્ઠ સૌભાગ્યવતી મહિલાઓએ માતા સાવિત્રી અને વટ નારાયણ ભગવાનની શાસ્ત્રોક્ત વિધિ-વિધાનથી પૂજા-અર્ચના કરી હતી. પૂજન વિધિ દરમિયાન મહિલાઓએ વડના વૃક્ષને પવિત્ર સૂતરના કાચા તાંતણા વીંટીને ભાવપૂર્વક ૧૦૮ ફેરા (પરિક્રમા) ફર્યા હતા. ત્યારબાદ અખંડ સૌભાગ્ય તેમજ પરિવારમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ કાયમ રહે તે માટે વડલા દાદા પાસે આશીર્વાદ માંગ્યા હતા. પૂજા બાદ મહિલાઓએ એકબીજાને કંકુ-ચોખા લગાડી પરસ્પર સૌભાગ્યના આશિષ પાઠવ્યા હતા. પૌરાણિક કથાઓ અને ધાર્મિક માન્યતા અનુસાર, સતી સાવિત્રીએ પોતાના દ્રઢ સંકલ્પ, પવિત્રતા અને અતૂટ ભક્તિના બળે પોતાના પતિ સત્યવાનના અકાળ મૃત્યુ સમયે સાક્ષાત યમરાજ પાસેથી પણ તેમના પ્રાણ પાછા મેળવ્યા હતા. સાવિત્રીએ યમરાજનો પીછો કરી તેમને પોતાના સતીત્વથી પ્રભાવિત કર્યા હતા અને પતિને પુનઃજીવિત કરવાનું વરદાન મેળવ્યું હતું. ત્યારથી જ પતિના રક્ષણ કાજે અને દામ્પત્ય જીવનની રક્ષા માટે આ વ્રત રાખવાની પવિત્ર પરંપરા સદીઓથી ભારતીય સંસ્કૃતિમાં ચાલી આવે છે. વ્રત રાખનારી મહિલાઓએ આ પવિત્ર કથાનું શ્રવણ-પઠન કરીને ધન્યતા અનુભવી હતી.

### મેન્સમાં વેદ અને વિમેન્સમાં શેલી બન્યા ચેમ્પિયન

# ખેલાડી વેદ પંચાલ અને કૃષ્ણા પટેલનો ટ્રિપલ ક્રાઉન ધમાકો

2મી ઓપન બરોડા મેજર રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનો રોમાંચક સમાપન




(પ્રતિનિધિ) વડોદરા, તા.29
અલ્ટિમેટ ટેબલ ટેનિસ (UTT)ના ટાઇટલ સ્પોન્સરશિપ હેઠળ યોજાયેલી 2મી ઓપન બરોડા મેજર રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ-2026નો ત્રણ દિવસ સુધી ચાલેલા રોમાંચક મુકાબલાઓ બાદ સફળ સમાપન થયો હતો. વિવિધ વયજૂથોમાં ખેલાડીઓએ ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કરતાં ટુર્નામેન્ટને યાદગાર બનાવી હતી. પુરુષ સિંગલ્સમાં વેદ પંચાલે માનસ દવેને હરાવી ચેમ્પિયન બનવાનો ગૌરવ મેળવ્યો હતો, જ્યારે મહિલા સિંગલ્સમાં શેલી પટેલે કૃષ્ણા પટેલને હરાવી ખિતાબ પોતાના નામે કર્યો હતો. વેદ અને કૃષ્ણાનો ટ્રિપલ ક્રાઉન પર કબજો ટુર્નામેન્ટના સૌથી મોટા આકર્ષણ તરીકે વેદ પંચાલ અને કૃષ્ણા પટેલ ઉભરી આવ્યા હતા. વેદ પંચાલે મેન્સ સિંગલ્સ, અન્ડર-19 બોયઝ અને અન્ડર-17 બોયઝ એમ ત્રણ ખિતાબ જીતી ટ્રિપલ ક્રાઉન હાંસલ કર્યો હતો. બીજી તરફ કૃષ્ણા પટેલે ઈતિહાસ રચતા અન્ડર-15, અન્ડર-17 અને અન્ડર-19 ગર્લ્સ સિંગલ્સમાં ચેમ્પિયન બની ટ્રિપલ ક્રાઉન જીત્યો હતો. પોતાનાથી મોટી વયની ખેલાડીઓ સામે પણ તેણે આત્મવિશ્વાસ અને કૌશલ્યથી જીત મેળવી પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો હતો.

## કમાટીપુરામાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા યુવકને સયાજીગંજ પોલીસે ઝડપી પાડ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.29
સયાજીગંજ પોલીસ સ્ટેશનના સ્ટાફને પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે કમાટીપુરા સ્થિત કલ્યાણનગર સ્લમ ક્વાર્ટર પાસે એક યુવક ભારત-આયર્લેન્ડ ક્રિકેટ મેચ પર હાર-જીતનો જુગાર રમાડી રહ્યો છે. બાતમીના આધારે પોલીસ ટીમે પંચોની હાજરીમાં દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન પોલીસે અજય વિનુભાઈ જાદવ (ઉ.વ. 31), રહે. સ્લમ ક્વાર્ટર, કમાટીપુરા, વડોદરાને ઝડપી પાડ્યો હતો. તેની અંગજડતી દરમિયાન ભારત (IND-1 થી IND-4) અને આયર્લેન્ડ (IR-1 થી IR-4) નામની આઠ ચિઠ્ઠીઓ મળી આવી હતી. પૂછપરછમાં આરોપીએ કબૂલ્યું હતું કે તે પોતાના મિત્ર અજય વસાવા સાથે અંદરોઅંદર ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો હતો. બંનેએ બંને ટીમના ચાર-ચાર ખેલાડીઓની ચિઠ્ઠીઓ બનાવી હતી અને જે ટીમના પસંદ કરાયેલા ખેલાડીઓ વધુ રન બનાવે તે જીતે તેવી શરત રાખી હતી. જીતનારને પ્રતિ રન રૂ.3 ચૂકવવાની પણ વાત નક્કી કરવામાં આવી હતી. પોલીસે આરોપી પાસેથી સટ્ટાબાજીના રૂ.3,500 રોકડા પણ કબજે કર્યા છે.

### રૂ.10 હજારની લાંચની માંગણી કરી ખાખીને બદનામ કરનાર સામે કમિશનરની લાલ આંખ

# લાંચ કેસમા ફરાર PSI મલ્લિકા પરમાર અને એએસઆઈ જય કિશન સસ્પેન્ડ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11
માંજલપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એક ગુનાની તપાસ દરમિયાન PSI મલ્લિકાબેન પરમારે ફરિયાદીને હેરાનગતિ ન કરવા તેમજ જામીનની કાર્યવાહી ઝડપથી પૂર્ણ કરી આપવા માટે શરૂઆતમાં રૂ.25 હજારની લાંચ માંગી હતી. બાદમાં રકઝક થતાં રૂ.10 હજાર લેવાનું નક્કી થયું હતું. આરોપી PSIએ ફરિયાદીને લાંચની રકમ ASI જયકિશન ગામેતીને આપવાનું જણાવ્યું હતું. ફરિયાદી લાંચ આપવા ઈચ્છતા ન હોવાથી તેમણે ACBનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ પોલીસ ઈન્સ્પેક્ટર એન.એમ. તલાટીના માર્ગદર્શન હેઠળ ટ્રેપ ગોઠવવામાં આવી હતી. ટ્રેપ દરમિયાન ફરિયાદીએ માંજલપુર પોલીસ સ્ટેશનની બાજુમાં ભાવના ઝેરોક્ષ સામે મુખ્ય માર્ગ પર ઉભેલી ASI જયકિશન ગામેતીની મારુતિ સ્વિફ્ટ કારના ડેશબોર્ડ પર રૂ.10 હજાર મૂક્યા હતા. લાંચની રકમ સ્વીકારતા જ ACBની ટીમે બંને આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ કેસની તપાસ હવે ACBના PI અંકુર પ્રજાપતિ દ્વારા કરવામાં આવી રહી છે. આરોપી જય કિશનના રિમાન્ડ પુરા થતા તેને જેલ હવાલે કરાયો છે મુખ્ય આરોપી PSI મલ્લિકા પરમાર હજુ ફરાર હોવાથી તેને ઝડપી પાડવા અલગ-અલગ ટીમો વિવિધ સ્થળોએ તપાસ માટે રવાના કરવામાં આવી છે. બીજી તરફ ઝડપાયેલા ASI જયકિશન ગામેતીના એક દિવસના રિમાન્ડ મેળવી તેની પૂછપરછ હાથ ધરવામાં આવી છે. તપાસ દરમિયાન ACBએ બંને આરોપીઓના રહેણાંક સ્થળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. ઉપરાંત બંનેના બેંક એકાઉન્ટની વિગતો મેળવી નાણાકીય વ્યવહારોની તપાસ શરૂ કરવામાં આવી છે. આરોપીઓના મોબાઈલ ફોનમાંથી ડેટા રિકવર કરવા માટે તેને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL)માં મોકલવામાં આવ્યા છે.


## આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિ.

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસઃ ઓફિસ નંબર ૫૦૧ અને ૫૦૩, ૫મો માળ, લાઇટબ્રિજ, સાકી વિહાર રોડ, અંધેરી ઈસ્ટ, મુંબઈ સબર્બન (જિલ્લો) મહારાષ્ટ્ર - ૪૦૦૦૭૨
અમદાવાદ શાખાઃ ૩૦૧, ૩જો માળ, ABC-3, હોટેલ રેજેન્ટાની સામે, ગિરીશ કોલ્ડ ડ્રિંક્સ પાસે, ઉમા શંકર જોશી માર્ગ, સી. જી. રોડની બાજુમાં, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯ (ગુજરાત)

### પરિશિષ્ટ IV - કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

જેમ કે, અધોસ્વાક્ષરકર્તા સિક્યોરિટીઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (AHFL)ના અધિકૃત અધિકારી હોવાને નાતે અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ સાથે વંચાણમાં લેતા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને, કંપનીના અધિકૃત અધિકારી દ્વારા અહીં નીચે દર્શાવેલા લોનધારક(કો)/જામીનદાર(ઓ)ને સદર નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર નોટિસમાં દર્શાવેલી રકમ ચૂકવી દેવા માટે માંગણી નોટિસ(ઓ) જારી કરવામાં આવી હતી. લોનધારક રકમ ચૂકવવામાં નિષ્ફળ રહેલા હોવાથી લોનધારક(કો)/જામીનદાર(ઓ) અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે, અધોસ્વાક્ષરકર્તાએ સદર કાયદાની કલમ ૧૩ની પેટા-કલમ (૪) સાથે વંચાણમાં લેતા સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૮ હેઠળ તેમને મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણવેલી મિલકતનો કબજો લઈ લીધો છે. ગિરો મિલકતો મુક્ત કરાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં, લોનધારકનું ધ્યાન કાયદાની કલમ ૧૩ની પેટા-કલમ (૮) ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે. ખાસ કરીને લોનધારક અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ આ મિલકત અંગે કોઈ પણ પ્રકારનો વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો આવો કોઈ પણ વ્યવહાર તેના પરના વ્યાજ સહિત અહીં નીચે દર્શાવેલી રકમ માટે AHFLના બોજાને આધીન રહેશે.

| ક્રમ | લોનધારક(કો)/સહ-લોનધારક(કો) ના નામ (શાખાનું નામ) | સુરક્ષિત અસ્કયામતનું વર્ણન (સ્થાવર મિલકત) | માંગણી નોટિસની તારીખ અને રકમ | કબજાની તારીખ |
|---|---|---|---|---|
| 1 | (લોન કોડ નં. ૦૩૫૧૦૦૦૦૫૪૦ / અમદાવાદ શાખા) અમરનાથ દેવનરાયણ દાન (લોનધારક) દીપિકા અમરનાથ દાન (સહ-લોનધારક) | ફ્લેટ નં. ૪૦૩, ચોથો માળ, ટાવર-F, "શ્રીજી ગોલ્ડ", જે રેવન્યુ સર્વે નં. ૨૫૫, સિટી સર્વે નં. ૩૮૮૩, મોજે ગોરવા, તાલુકો અને જિલ્લોઃ વડોદરા, ગુજરાત - ૩૯૦૦૧૬ પર આવેલી છે તે મિલકતનો તમામ ભાગ અને હિસ્સો. ચતુર્દિશાઃ પૂર્વઃ નળિયા રોડ પશ્ચિમઃ બિલ્ડિંગનું O.T.S. ઉત્તરઃ ફ્લેટ નં. E-૪૦૪ દક્ષિણઃ ફ્લેટ નં. F-૪૦૪ | 14-04-2026 & ₹ 31,23,151/- | 27-06-2026 |

સ્થળઃ ગુજરાત
તારીખઃ ૩૦.૦૬.૨૦૨૬

અધિકૃત અધિકારી
આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ